
## VMC કચેરીમાં જ 'સ્માર્ટનેસ' ગાયબ

# VMCની લોબીમાં ફાઈલો-ભંગારના ખડકલા

### તંત્રની ઘોર બેદરકારી: મહત્વના દસ્તાવેજો પસ્તીની જેમ રઝળ્યા, અધિકારીઓની અવરજવર છતાં તંત્ર નિદ્રાધીન

(પ્રતિનિધિ) વડોદરા તા.7

એક તરફ વડોદરા શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાતો જોરશોરથી ચાલી રહી છે, ત્યારે બીજી તરફ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં જ ગંભીર અવ્યવસ્થા અને બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. કોર્પોરેશનની કચેરીમાં આવેલી લોબી, જે સીધી સ્માર્ટ સિટીની ઓફિસ તરફ જાય છે, તે હાલમાં ફાઈલોના પોટલા, જૂના કબાટો, ખુરશીઓ અને અન્ય ભંગાર સામાનથી ઉભરાઈ રહી છે. કચેરીની લોબીમાં પડેલા આ ફાઈલોના થપ્પા જોઈને એવું લાગે છે કે જાણે આ કોઈ સરકારી ઓફિસ નહીં પણ પસ્તીનો ડેપો હોય. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ એ જ રસ્તો છે જ્યાંથી દરરોજ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સ્માર્ટ સિટીની ઓફિસમાં જવા માટે પસાર થાય છે. તેમ છતાં, લાંબા સમયથી આ ગંદકી અને અવ્યવસ્થા તરફ કોઈનું ધ્યાન ગયું નથી અથવા તો તેને નજરઅંદાજ કરવામાં આવી રહ્યું છે. જો આ ફાઈલો બિનઉપયોગી હોય તો તેનો યોગ્ય નિકાલ કેમ કરવામાં નથી આવતો તે એક મોટો પ્રશ્ન છે. અને જો આ ફાઈલોમાં રહેલી માહિતી મહત્વની હોય, તો તેને આ રીતે બિનવારસી હાલતમાં લોબીમાં ખુલ્લી છોડી દેવી એ વહીવટી તંત્રની ઘોર બેદરકારી સૂચવે છે. આ સામાન અને ફાઈલોના કારણે લોબીમાં જગ્યા ઓછી થઈ ગઈ છે, જે અવરજવર કરતા કર્મચારીઓ માટે પણ નડતરરૂપ બની રહી છે. શહેરની સફાઈ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરતી કોર્પોરેશન પોતાની જ કચેરીની સફાઈ રાખવામાં નિષ્ફળ સાબિત થઈ રહી હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. લોબીમાં જોવા મળતું આ 'દબાણ' વહેલી તકે દૂર કરવામાં આવે અને સરકારી દસ્તાવેજોની યોગ્ય જાળવણી થાય તેવી માંગ ઉઠી રહી છે. સ્માર્ટ સિટીના સપના જોતા તંત્રએ પહેલા પોતાની કચેરીને 'સ્માર્ટ' અને વ્યવસ્થિત બનાવવાની જરૂર હોય તેમ લાગી રહ્યું છે.



## શહેરમાં વધતા જતા પ્રદૂષણને નાથવા વડોદરા કોર્પોરેશનનો નવતર પ્રયોગ

# 'મિસ્ટ કેનન' મશીન હવાના રજકણોને પાણીના છંટકાવ દ્વારા જમીનદોસ્ત કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરમાં ઉડતી ધૂળ અને વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે VMC દ્વારા અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે; મશીન વડોદરા શહેરમાં વધતા જતા વાયુ પ્રદૂષણ અને રસ્તાઓ પર ઉડતી ધૂળની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન એક્શન મોડમાં આવ્યું છે. પર્યાવરણની જાળવણી અને શહેરીજનોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કોર્પોરેશન દ્વારા આજે શહેરમાં 'મિસ્ટ કેનન' મશીનનો પ્રાયોગિક ધોરણે ડેમોન્સ્ટ્રેશન યોજવામાં આવ્યું હતું. આ મશીન હવામાં ઉડતા ધૂળના રજકણોને શોષી લેવા માટે અત્યંત અસરકારક હોવાનું મનાય છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં વિકાસના કામો અને ટ્રાફિકના કારણે ધૂળનું પ્રમાણ વધ્યું છે, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ



અને અસ્થમા જેવા રોગોનું જોખમ વધી રહ્યું છે. આ સમસ્યાના નિવારણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિદેશી શહેરોની તર્જ પર 'મિસ્ટ કેનન' ટેકનોલોજી અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મશીન એક ટ્રક પર માઉન્ટ થયેલું હોય છે, જે હવામાં ઊંચાઈ સુધી પાણીના અતિ સૂક્ષ્મ ટીપાંનો છંટકાવ કરે છે. આ સૂક્ષ્મ ટીપાં હવામાં તરતા પ્રદૂષિત રજકણો (PM 2.5 અને PM 10) સાથે જોડાઈને તેને ભારે બનાવી દે છે, પરિણામે ધૂળના કણો જમીન પર બેસી જાય છે અને હવા શુદ્ધ થાય છે. આજના ડેમો દરમિયાન કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મશીનની ક્ષમતા અને તેની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મશીન 40 થી 50 ફૂટની ઊંચાઈ સુધી અને લાંબા અંતર સુધી પાણીનો ફુવારો ફેંકવાની ક્ષમતા ધરાવે છે. ખાસ કરીને જે વિસ્તારોમાં બાંધકામની પ્રવૃત્તિઓ ચાલી રહી હોય અથવા જ્યા વાહનોની અવરજવર વધુ હોય તેવા વિસ્તારોમાં આ મશીન આશીર્વાદરૂપ સાબિત થશે. ડેમોના સફળ પરીક્ષણ બાદ આગામી દિવસોમાં શહેરના મુખ્ય માર્ગો અને પ્રદૂષિત હોટસ્પોટ ગણાતા વિસ્તારોમાં આ મશીનનો નિયમિત ઉપયોગ શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

## રૂ.1.05 લાખના દાગીના અને રોકડ લઈ બાઈક પર રફુચક્કર

# નાગરવાડામાં તસ્કરો ત્રાટક્યા, 15 મિનિટમાં ખેલ પાડી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા નવીધરતી નાગરવાડા ખાતે વહેલી સવારે બાઈક સવાર ચોર ત્રિપુટી મકાનનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી 15 મિનિટમાં જ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ.1.05 લાખથી વધુની ચોરી કરી ફરાર થઈ હતી. પરોઢિયે થયેલી ચોરીના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. કારેલીબાગ પોલીસે ગુનો નોંધી ચોર ત્રિપુટીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

નાગરવાડાના સંતોષીમાતાના ખાંચામાં રહેતા વિણાબેન રમેશચંદ્ર રાણા પોતાના પરિવાર સાથે રહે છે. પરિવારના સભ્યો અલગ-અલગ મકાનમા તથા છત પર સુતા હતા. 6 મેની વહેલી સવારે આશરે સાડા ચાર વાગ્યાના અરસામાં વિણાબેન બીજા મકાનમાં નાહવા-ધોવા માટે ગયા હતા. તે દરમિયાન તેમની નજર પોતાના મકાન તરફ જતા દરવાજા પર પડી હતી, જ્યાં દરવાજો ખુલ્લો અને અંદરની લાઈટ બંધ જોવા મળી હતી.

સાથે જ ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓ મોઢા પર રૂમાલ બાંધી ટુ-વ્હીલર પર જતા નજરે પડ્યા હતા. પ્રથમ નજરે પરિવારના જ કોઈ સભ્ય હોવાનું માન્યા બાદ વિણાબેને પોતાના દિકરાની પત્ની ભાવિકાબેનને ફોન કર્યો હતો. જોકે પરિવારનો કોઈ સભ્યો નીચે ન ઉતર્યા હોવાનું જાણવા મળતા તેઓ તાત્કાલિક ઘરે પહોંચ્યા હતા. ઘરમાં તપાસ કરતાં ઘરના લોખંડના દરવાજાનો નકૂચો તૂટેલો જોવા મળ્યો હતો. તિજોરી અને કબાટ ખુલ્લા હાલતમાં મળી આવ્યા હતા તેમજ ઘરનો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. પરિવારે તપાસ કરતાં તિજોરીમાં રાખેલા સોનાની બે કડી, ચાંદીની ચેન, પાયલ, વીંટી, કંદોરી, બેલેટ સહિતના દાગીના તેમજ રૂ.40 હજાર રોકડ મળી કુલ આશરે રૂ.1.05 લાખની માલમત્તા ચોરી થઈ ગયાનું બહાર આવ્યું હતું.

# નવાપુરાના યુવકનો આપઘાતનો પ્રયાસ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

શહેરમાં માનસિક તણાવ કે અન્ય કારણોસર આપઘાત કરવાના પ્રયાસના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે ગત રાત્રે નવાપુરા વિસ્તારમાં એક 20 વર્ષીય યુવકે ઝેરી દવાના ઘૂંટડા ભરી લેતા ચકચાર મચી ગઈ હતી. સદનસીબે પરિવારજનોની સતર્કતાને કારણે યુવકને સમયસર હોસ્પિટલ ખસેડાતા તેનો જીવ બચી ગયો છે. નવાપુરા વિસ્તારમાં આવેલા અર્ચના એપાર્ટમેન્ટમાં રહેતો દેવાંશુ કિરણ જાદવ ઉં.વ. 20 ગત રાત્રે આશરે 8:45 વાગ્યાના સુમારે પોતાના ઘરે પરત ફર્યો હતો. ઘરે આવ્યા બાદ કોઈ અકળ કારણોસર દેવાંશુએ અચાનક ઝેરી દવા પી લીધી હતી. દવા પીધાની થોડી જ ક્ષણોમાં તેને સખત ઉલટીઓ થવા લાગી હતી અને તેની તબિયત લથડી હતી. પરિવારજનો તુરંત શહેરની સયાજી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. હોસ્પિટલના તબીબોએ દેવાંશુની સારવાર શરૂ કરી હતી. ફરજ પરના તબીબોના જણાવ્યા અનુસાર, હાલ યુવકની હાલત સ્થિર છે.

## વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે

# IT કર્મચારીઓનું 'હાફ ડે' વોકઆઉટ કરી સૂત્રોચાર સાથે વિરોધ પ્રદર્શન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

વડોદરા આયકર ભુવન ખાતે કર્મચારીઓનું સતત બીજા દિવસે આંદોલન યથાવત રહેવા પામ્યું હતું. પે કમિશનથી માંડી પડતર 10 માંગણીઓ સંદર્ભે દેશભરમાં કર્મચારીઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારે, વડોદરામાં કર્મચારીઓએ હાફ ડે વોકઆઉટ કરી સુત્રોચાર કર્યા હતા. ગુજરાત સર્કલના જોઈન્ટ સેક્રેટરી જનક જોશીએ જણાવ્યું હતું કે, હાફ ડે વોક આઉટ કર્યું છે. સરકારે જે ડિમાન્ડ અમારી 10 માંગણીઓની હતી એને ધ્યાન પર લીધી નથી અને પૂરી કરી નથી. ગઈ કાલે જે મિટિંગ હતી. એમાં દસે દસ અમારી ડિમાન્ડ છે, પે કમિશનથી માંડીને તમામ એ બધી જ ડિમાન્ડ સરકાર સમક્ષ મૂકવામાં આવી હતી. પણ એની ઉપર કોઈ હકારાત્મક એક્શન લેવામાં આવ્યા




નથી. તો ભવિષ્યની અંદર જે પણ ઉપરથી સીએસક્યુના કોલ આવશે. એ મુજબ 13મી તારીખે ખુલ્લી સ્ટ્રાઈક છે અને આગળના જે પણ ઓર્ડર્સ દિલ્હીથી મળશે. એ પ્રમાણે આગળના ધરણા પ્રોગ્રામથી માંડીને વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે. આખી ઓફિસ જે છે. આઈટી ગોવા એટલે ગેજેટેટ યુનિયન અને આઈટીએફ સાથે અમે ટોટલી બધાએ જ હાફ ડે વોક આઉટ કર્યું છે.

## મુખ્યપ્રધાન મોહન માઝીના રોડશોને જબરદસ્ત પ્રતિસાદ

# ગુજરાતથી ઓડિશાને રૂ.48,330 કરોડના રોકાણ પ્રસ્તાવો મોકલાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.7

ઓડિશાના મુખ્યપ્રધાન મોહન ચરણ માઝીએ ગુજરાતમાં યોજાયેલા ઓડિશા ઈન્વેસ્ટર્સ મીટ રોડશોને સફળ ગણાવતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત માટે હવે પૂર્વ ભારતનો ઉદય અનિવાર્ય છે અને ઓડિશા તે માટે સંપૂર્ણ તૈયાર છે. અમદાવાદ, મુંદ્રા અને વડોદરામાં યોજાયેલા રોડશોમાં કુલ 71 રોકાણ ઈરાદા પ્રાપ્ત થયા હતા, જેમાં રૂ.48,330 કરોડના રોકાણ તથા 67,838થી વધુ રોજગારી તકો સર્જાવાનો અંદાજ છે. મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે ઓડિશા હવે માત્ર સંસાધન આધારિત રાજ્ય નહીં, પરંતુ મૂલ્યવર્ધિત મેન્યુફેક્ચરિંગ અને અદ્યતન ઔદ્યોગિક હબ તરીકે વિકસી રહ્યું છે. પારાદીપ, ધમરા અને ગોપાલપુર જેવા પોર્ટ્સ દ્વારા પૂર્વ એશિયા અને ઈન્ડો-પેસિફિક બજારો સાથે મજબૂત કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.




રોડશોમાં મેટલ, કેમિકલ્સ, ફાર્મા, ગ્રીન એનર્જી, ટેક્સટાઈલ્સ, આઈટી, સેમીકંડક્ટર, લોજિસ્ટિક્સ અને ડિફેન્સ સહિતના ક્ષેત્રોમાં રોકાણકારોએ રસ દાખવ્યો હતો. 700થી વધુ ઉદ્યોગપતિઓ અને સંસ્થાગત હિતધારકોની હાજરી વચ્ચે GO-SWIFT સિંગલ વિન્ડો સિસ્ટમ અને ઝડપી અમલીકરણની નીતિઓને પણ રજૂ કરવામાં આવી હતી.

## ભરબપોરે જનતાના જીવ જોખમમાં મૂકતું કોર્પોરેશન

# ખોડિયાર નગરથી ડી-માર્ટ તરફ જતા પંચમ ત્રણ રસ્તા પાસે ભૂવો પડ્યો

**ઉનાળામાં ભુવો** પડવાનો નવો રેકોર્ડ, પૂર્વ ચેરમેનનો વિસ્તાર અને કોન્ટ્રાક્ટરનો 'કાચો' ખેલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી પ્રિ-મોન્સૂન કામગીરી અને રસ્તાઓના ગુણવત્તાના દાવાઓ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના પૂર્વ ચેરમેનના વોર્ડમાં તંત્ર દ્વારા કરવામાં આવેલી હલકી કક્ષાની કામગીરીની પોલ ધોમધખતા ઉનાળામાં ખુલી ગઈ છે. સામાન્ય રીતે ચોમાસામાં ભુવા પડવાની ઘટનાઓ બનતી હોય છે, પરંતુ અહીં તો તપતી ગરમીમાં રસ્તો બેસી જતાં તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.



ભર ઉનાળે જ્યારે ડામર પીગળવો જોઈએ, તેના બદલે રસ્તો બેસી જતાં આ વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. આ ભુવો એટલો વિશાળ અને ઊંડો છે કે તેમાં આખી ગાડીનું ટાયર આસાનીથી સમાઈ જાય. જો કોઈ ટૂ-વ્હીલર ચાલક રાત્રિના સમયે અહીંથી પસાર થાય, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા હતી. સદનસીબે, કોઈ મોટી દુર્ઘટના ઘટી નથી, પરંતુ આ ઘટનાએ કોર્પોરેશનના એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો પર્દાફાશ કર્યો છે. આ ગંભીર બેદરકારીને હેરી ઓડ દ્વારા સોશિયલ મીડિયા અને ગ્રાઉન્ડ રિપોર્ટિંગ દ્વારા પ્રકાશમાં લાવવામાં આવી છે. તંત્ર જ્યારે એસી ઓફિસોમાં બેસીને વિકાસના બણગા ફૂંકી રહ્યું છે, ત્યારે જમીની હકીકત કંઈક અલગ જ છે તે હેરી ઓડ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ અહેવાલ બાદ સ્થાનિક રહીશોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો હવે આ બાબતે તપાસના આદેશ આપશે કે પછી દર વખતની જેમ 'માટી પુરી' ને મામલો થાળે પાડી દેશે, તે જોવાનું રહ્યું. હાલ તો, આ ભુવો તંત્રની નિષ્ફળતાના પ્રતીક સમાન રસ્તા વચ્ચે મોઢું ફાડીને ઊભો છે.

## જાનથી મારી નાખવાની ધમકી આપતા પુત્ર તથા પુત્રવધૂ

# મિલકત નામે કરવાની ધમકી આપી માતા-પુત્રી પર હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

અકોટા વિસ્તારમાં રહેતી નિવૃત્ત મહિલાને પોતાના જ પુત્ર અને પુત્રવધૂએ મિલકત તેમના નામે કરવા દબાણ કરવા સાથે મારામારી હતી. મહિલાના જણાવ્યા મુજબ પુત્રએ ઘરમાં ઘુસવાનો પ્રયાસ કરી તેમને તેમજ દીકરીને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મહિલાએ પુત્ર અને પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના રેસકોર્સ વિસ્તારમાં રહેતા ગાયત્રીબેન જયેન્દ્રભાઈ શાહ (ઉ.વ.59) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ હાલમાં એકલા રહે છે. તેમના સંતાનમાં પુત્ર આદિત્ય અને દીકરી ઝરણા છે. દીકરી હાલમાં મુંબઈ ખાતે રહે છે. 7 માર્ચના રોજ રાત્રિના સમયે પુત્ર આદિત્ય માતાના માલિકીના ઘરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ગાયત્રીબેને વિરોધ કરતા આદિત્યે તેમને ધક્કો મારી જમીન પર પાડી દીધા હતા અને વાળ ખેંચી હાથ-પગથી માર માર્યો હતો. ઘટનાથી ગભરાયેલી ગાયત્રીબેને દીકરી ઝરણાને ફોન કરતા તે તાત્કાલિક ઘરે આવી પહોંચી હતી. દરમિયાન ઝરણાએ આદિત્યને સમજાવવાનો પ્રયાસ કરતા તેની સાથે પણ ઝપાઝપી કરી મારામારી કરવામાં આવી હતી.ઘટના બાદ ઝરણાએ એસ.એસ.જી હોસ્પિટલ સારવાર લીધી હતી. આ ઉપરાંત 21 એપ્રિલના રોજ આદિત્ય અને તેની પત્ની શ્રુષ્ટી ફરીથી ઘરે આવી રૂપિયા તથા મિલકતમાં ભાગની માંગણી કરી હતી. ગાયત્રીબેન અને તેમની દીકરીએ સ્પષ્ટ ના પાડતા આદિત્યે ઘર પોતાના નામે નહીં કરે તો હાથ-પગ તોડી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ 22 એપ્રિલના રોજ બપોરે આદિત્ય અને તેની પત્ની ફરી ઘરે પહોંચ્યા હતા.

## વેપારીના ઘર અને ઓફિસની રેકી કરી ગેંગને જરૂરી માહિતી પૂરી પાડીની કબૂલાત

# વારસિયા વિસ્તારના વેપારીને લૂંટનાર ગેંગનો વધુ એક સાગરિત ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં મની એક્સચેન્જના વેપારી સાથે થયેલી ચકચારી લૂંટના ગુનામાં ફરાર રહેલા વધુ એક આરોપીને શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપી લૂંટના ગુનાનું કાવતરું ઘડવામાં, રેકી કરવામાં અને અન્ય આરોપીઓને માહિતી પહોંચાડતા હોવાનું તપાસમા ખુલ્યુ છે.

ગત 16 જાન્યુઆરી 2026ના રોજ કારેલીબાગ વિસ્તારમાં આવેલી દુકાન બંધ કરીને વૃદ્ધ વેપારી કાર લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન એક્ટિવા અને બાઈક પર આવેલા શખ્સોએ વેપારીને પોછો કર્યો હતો અને વેપારી તેમના ઘર પાસે કારમાંથી ઉતર્યા હતા ત્યારે હોય તેમની આંખમાં મરચાંની ભૂકી ફેંકી હુમલો કર્યો હતો. ત્યારબાદ કારની પાછળની સીટમાં મુકેલી રૂપિયા 1.19 લાખની રોકડ




રકમ ઉપરાંત અલગ અલગ 19 દેશોની વિદેશી ચલણી નોટો ભરેલી બેગ ની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ બાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી હતી અને લૂંટ કરનાર ગેંગના કેટલાક આરોપીઓની ધરપકડ કરી જેલ ભેગા કરી દીધા હતા ત્યારે આ ગુનામાં સંડોવાયેલા આરોપી સુરજ મનોજ સલાટ (રહે. જીવનનગર, વુડાના મકાન, વાઘોડિયા રોડ, વડોદરા) પોલીસ પકડથી દૂર હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને બાદમે મળી હતી કે આરોપી તેના ઘરે આવ્યો છે તેથી ટીમે વાઘોડિયા રોડ વિસ્તારમાં તેના ઘરે રેડ કરીને સુરજ સલાટને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન બહાર આવ્યું છે કે મુખ્ય આરોપી રાહુલ મારવાડી સાથે મળીને સુરજ સલાટે લૂંટની યોજના બનાવી હતી. તેણે વેપારીના ઘર અને ઓફિસની રેકી કરી ગેંગને જરૂરી માહિતી પૂરી પાડી હતી. ઉપરાંત આણંદ ખાતે બેઠક ગોઠવી લૂંટને અંજામ આપવા માટે અન્ય આરોપીઓને મહત્વની માહિતી પણ પૂરી પાડી હતી. ક્રાઈમ બ્રાન્ચે આરોપીને આગળની કાર્યવાહી માટે વારસીયા પોલીસને સોંપ્યો છે.

**તપાસની માગ** પાલિકાની ફૂડ શાખા કુંભકર્ણની નિદ્રામાં! : વેજ-નોનવેજ રેસ્ટોરન્ટ્સમાં ગુણવત્તાના નામે મીંડું; મોલમાં પાવભાજી વાસી નીકળતા તંત્રની પોલ ખુલી

# ફ્રોઝન ફૂડ-નકલી બટરના જોરે તગડી કમાણી

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા હાલમાં વિવાદોના ઘેરામાં છે. શહેરની સામાન્ય લારીઓ અને નાની હોટલોમાં દરોડા પાડી નમૂના લઈ પોતાની પીઠ થપથપાવતી પાલિકાની ટીમ મોટા મોલ્સ, સિનેમા ઘરો અને આલીશાન રેસ્ટોરન્ટ્સ સામે આંખ આડા કાન કરી રહી હોવાની વ્યાપક બૂમ ઉઠી છે. શું મોટા મોલ્સમાં મળતી ખાદ્યસામગ્રી 100% શુદ્ધ છે? કે પછી પાલિકાએ આ બડેબાપોને કોઈ અઘોષિત 'ક્લીનચીટ' આપી દીધી છે? શહેરના જાણીતા મોલ્સમાં આવેલી રેસ્ટોરન્ટ્સમાં પીઝા, બર્ગર અને પાવભાજી જેવી વાનગીઓનું વેચાણ ધૂમ ચાલે છે. અહીં વપરાતું ચીઝ, બટર અને ખાસ કરીને ફ્રોઝન ફૂડ કેટલું શુદ્ધ છે તે તપાસવાની તસ્દી પાલિકા લેતું નથી. આરોપ છે કે, મોલ્સની આ ચળકતી રેસ્ટોરન્ટ્સમાં બે-ત્રણ દિવસ જૂનો વાસી ખોરાક




### ચળકાટની પાછળનો 'ગંદો' ખેલ: લક્ઝરીના નામે રોગચાળો?

મોલ્સના ચળકતા કાચ અને મસ્ત એસીમાં બેસીને જે ખોરાકને તમે 'હાઈજીનિક' માનો છો, તેની પાછળનું સત્ય કંઈક અલગ જ હોઈ શકે છે. અંદરના રસોડામાં કયા પ્રકારનું ચીઝ વપરાય છે કે ફ્રીઝરમાં ક્યારની પાવભાજી પડી છે, તેની ગ્રાહકને જાણ હોતી નથી. પાલિકાની ખોરાક શાખા જ્યારે મોટા મોલ્સમાં દરોડા પાડતા અચકાય છે, ત્યારે શંકાની સોય સીધી તંત્ર તરફ જાય છે. વડોદરાવાસીઓ હવે પૂછી રહ્યા છે "સાહેબ, મોલના મોંઘા પ્લેટમાં પીરસાતી પ્લેટના સેમ્પલ લેતા કેમ ડર લાગે છે?"

ગરમ કરીને ગ્રાહકોને પધરાવી દેવામાં આવે છે. તાજેતરમાં જ એક પ્રતિષ્ઠિત મોલની રેસ્ટોરન્ટમાં પાવભાજી વાસી હોવાની ફરિયાદ ગ્રાહકે કરી હતી, જેના બદલામાં સંચાલકોએ તુરંત ડીશ બદલી આપી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના સ્પષ્ટ કરે છે કે મોલ્સમાં પણ ખાદ્ય સુરક્ષાના ધજાગરા ઉડી રહ્યા છે. સામાન્ય લારીવાળા પાસેથી નમૂના લેતી ખોરાક શાખા ક્યારેય આલીશાન મોલ્સમાં વપરાતા ચીઝ કે બટરની ગુણવત્તા તપાસવા કેમ નથી પહોંચતી? સૂત્રોના જણાવ્યા અનુસાર, અહીં મોટા પાયે ડુપ્લીકેટ અને લો-ક્વોલિટીના મટીરિયલનો ઉપયોગ થાય છે. ફ્રોઝન આઈટમ્સને વારંવાર ગરમ કરીને વેચવામાં આવતી હોવાથી ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા છે. જનતામાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે પાલિકાની ટીમ મીડિયામાં દેખાવા માટે નાના લારી-ગલ્લાના નમૂના લે છે, પરંતુ જ્યાં હજારોની ફૂટફોલ છે તેવા મોલ્સ અને મલ્ટીપ્લેક્સમાં ચેકિંગ કરવાના નામે 'મીંડું' છે. શું આ મોટા ગજાના વેપારીઓ સાથે ખોરાક શાખાની કોઈ આંતરિક ગોઠવણ છે? શહેરના મોલ્સમાં કાર્યરત તમામ વેજ અને નોનવેજ રેસ્ટોરન્ટ્સમાં સઘન ચેકિંગ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો પાલિકા ખરેખર નાગરિકોના સ્વાસ્થ્ય પ્રત્યે ગંભીર હોય, તો તેણે માત્ર નાની લારીઓ પર શૂરવીરતા બતાવવાને બદલે એસી ચેમ્બરોમાં બેસીને વાસી ખોરાક પીરસતા મોટા ખેલાડીઓ પર સકંજો કસવો જોઈએ.

# અંકોડિયાથી લક્ષ્મીપુરા જતા રસ્તે ભીષણ આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

અંકોડિયાથી લક્ષ્મીપુરા જતા રસ્તે આવેલી પંચાયતની તલાવડી તરીકે ઓળખાતી જગ્યાએ ભીષણ આગ ફાટી નીકળી હતી. કોઈ અજાણ્યા શખ્સે કચરામાં આગ લગાવી હોવાની આશંકા છે. જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ઝડપથી ફેલાઈ કે વડ, લીમડા અને પીપળાના વૃક્ષો સહિત આસપાસની મોટી જગ્યા લપેટમાં આવી ગઈ હતી. ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ વડોદરા ફાયર બ્રિગેડના કંટ્રોલરૂમમાં ટેલિફોનિક રીતે કરાતા તુરંત, વાસણા ફાયર બ્રિગેડની ટીમ રવાના કરવામાં આવી હતી. ફાયરની બે ગાડીઓ સાથે જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, મોટી સંખ્યામાં વૃક્ષો અને ઘાસ બળીને ખાખ થઈ ગયા હતા.

## પ્રેમ સંબંધમાં જ વહેમે લીધો પ્રેમિકાનો જીવ

# અંકોડિયા ખાતે પ્રેમિકાની હત્યા કરનાર પ્રેમીના 6 દિ'ના રિમાન્ડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા શહેરના અંકોડિયા વિસ્તારમાં પ્રેમિકાની ગળું દબાવી હત્યા કરનાર આરોપી પ્રેમીને કોર્ટે 6 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે મૃતક યુવતીનો મોબાઈલ ફોન શોધવા માટે આરોપીને તેના નિવાસસ્થાન સહિત અલગ અલગ સ્થળોએ લઈ જઈ તપાસ હાથ ધરી છે.

શહેરના મુજમહુડા વિસ્તારમાં રહેતી દિવ્યા પરમાર છેલ્લા પાંચથી છ મહિનાથી રોહન વણકર ઉર્ફે પરમાર નામના યુવક સાથે પ્રેમ સંબંધમાં હતી. રોહન શહેરના ગાય સર્કલ વિસ્તારની ટી-પોસ્ટમાં કામ કરતો હતો, જ્યારે દિવ્યા ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી હતી. રોહનને દિવ્યાના અન્ય યુવક સાથે સંબંધ હોવાની શંકા હતી. આ મુદ્દે તેણે દિવ્યાને અંકોડિયા વિસ્તારમાં આવેલા મિની વોટરપાર્ક પાસે મળવા બોલાવી હતી. ત્યાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આરોપીએ પૂર્વયોજના મુજબ કોમ્પ્યુટર વાયર વડે દિવ્યાનું ગળું દબાવી હત્યા કરી હતી. ત્યારબાદ મૃતદેહને ચાદરમાં વીંટાળી નજીકના વિસ્તારમાં ફેંકી પોતે ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય તપાસના આધારે ગણતરીના કલાકોમાં આરોપી રોહનને ઝડપી પાડ્યો હતો. કાયદેસરની ધરપકડ બાદ પોલીસે વધુ પૂછપરછ અને પુરાવા એકત્ર કરવા આરોપીને કોર્ટમાં રજૂ કરી 10 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

જોકે, કોર્ટે 6 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ દરમિયાન પોલીસે મૃતક યુવતીનો મોબાઈલ ફોન શોધવા માટે આરોપીને તેના ઘરે તથા અન્ય સ્થળોએ લઈ જઈ તપાસ શરૂ કરી છે.